OPEN NOW

LET'S START

THANK YOU FOR SUPPORT

VISIT NOW : WWW.SJVGGRUH.ORG

NEWS LETTER

ALL EVENT

STUDENT IMPROVEMENT

SJVG NEWS LETTER

SHREE SAVARKUNDLA JAIN VIDHYARTHI GRUH

MARCH 2020

WWW.SJVGGRUH.ORG

આનંદની અનુભૂતી

પ્રતિ

પ્રમુખશ્રી તથા ટ્રસ્ટીમંડળ,

શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થી ગૃહ.

જય જીનેન્દ્ર,

આ સાથે જણાવવાનું કે હું માલવણીયા હર્ષ અને અમારી ટીમ આપણી સંસ્થાના કોમ્પ્યુટર શિક્ષક શ્રી જીગ્નેશભાઈ મહેતાના માર્ગદર્શન હેઠળ માર્ચ માસનો અહેવાલ આપની સમક્ષ રજુ કરતા ખુબ જ હર્ષની લાગણી અનુભવીએ છીએ.

અધ્યયન કાર્ય

આપણી સંસ્થામાં રહી અભ્યાસ કરતાં સર્વ વિદ્યાર્થીનું અધ્યયન કાર્ય ખુબ જ સરસ રીતે ચાલી રહયુ છે. ધોરણ ૧૦ અને ૧૨માં અભ્યાસ કરતા ૧૬ વિદ્યાર્થીઓની વાર્ષિક પરીક્ષા તારીખ ૧૯ માર્ચના રોજ પૂર્ણ થઈ ગઈ છે. દરેક વિદ્યાર્થીઓના બોર્ડના પેપર સારા ગયા છે.

બાકી રહેલા ધોરણ ૫ થી ૯ અને ધોરણ ૧૧મા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની પરીક્ષા ૧ એપ્રિલથી શરુ થવાની હતી. દરેક વિદ્યાર્થીઓ ને ઉચ્ચ ગુણાંક પ્રાપ્ત થાય એ માટે ટ્યૂશન શિક્ષક દ્વારા કોર્સ પૂર્ણ કરી પુનરાવર્તન ની પણ તૈયારી કરવામા આવી હતી.

ગુજરાત સરકાર દ્વારા જાહેરાત

તારીખ ૧૬મી માર્ચ થી ૨૯મી માર્ચ સુધી કોરોના વાયરસના ફેલાવાથી બચવા ગુજરાત સરકારના આદેશ મુજબ વિદ્યાર્થીઓને શાળામાં શૈક્ષણિક કાર્ય બંધ હોવાથી ઘરે પરીક્ષાની તૈયારી કરવા માટે રજા આપવામા આવી હતી .

પરંતુ ત્યાર બાદ કોરોના વાયરસ નો ફેલાવો વધતા ગુજરાત સરકાર દ્વારા દરેક વિદ્યાર્થીઓ ને માસ પ્રમોશન આપવાની જાહેરાત કરવામા આવી હતી. અને નવુ સત્ર એપ્રિલ ના બદલે જૂનમા જ શરુ કરવાની જાહેરાત પણ કરી હતી.

વિદાય સમારંભના સંસ્મરણો

તારીખ ૧ લી માર્ચના રોજ ધોરણ ૫ થી ૯ અને ધોરણ ૧૧ મા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ માટે એક વિદાય તેમજ શુભેચ્છા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

જેમા સંગીત વર્ગના વિદ્યાર્થીઓ શાહ સાહિલ,શાહ દક્ષ અને સંઘવી કશ્યપ દ્વારા પ્રાર્થના તેમજ નવકાર મંત્રના ઉચ્ચારણ બાદ કાર્યક્રમની શુભ શરૂઆત કરવામા આવી હતી અને બીજા વિદ્યાર્થીઓ દ્વારા સુવિચાર,ગીત અને નૃત્ય ની રજૂઆત કરવામાં આવી હતી.આ સિવાય વિદ્યાર્થી માટે વિદાય તેમજ શુભેચ્છા સંદેશ ગાંધી દર્શન અને શાહ દર્શન દ્વારા પાઠવવામાં આવ્યો હતો.તેમજ દસાડીયા દેવાંશ,ધંધુકિયા ઓમ ,દસાડીયા ધવલ અને શાહ દીપ દ્વારા સંસ્થા સાથેના સંસ્મરણો સંભારણા રૂપે રજુ કરવામા આવેલ હતા.

શુભેચ્છા સંદેશ

પોતાની સાથે વર્ષો સુધી બોર્ડિંગ માં સાથે રહેનાર અને હાલ મા વિદાઈ લઈ રહેલા પોતાના મિત્રો ને ગાંધી દર્શન અને શાહ દર્શન એ ખુબ જ અંતર થી શુભકામના પાઠવતા કહ્યુ હતુ કે,"તેઓ પોતાની જિંદગી માં ભણીગણી ને ખુબ જ લાયક બને અને સદા પ્રગતિ ના પંથે પ્રયાણ કરતા રહે" એવી અમારી શુભકામના છે.

સંસ્થા સાથેના સંસ્મરણોના સંભારણા



ધોરણ ૧૨મા અભ્યાસ કરતાં શાહ દીપ,દસાડીયા ધવલ અને ધંધુકિયા ઓમ તેમનાં શબ્દોમાં સંસ્થા સાથે જોડાયેલ પોતાની યાદોને સંભારણા રૂપે જણાવતા કહે છે કે :

“આ સંસ્થામા અમને પિતાતુલ્ય ગૃહપતિનો પ્રેમ,માતા જેવાં પ્રેમાળ ભોજનશાળાના બહેનો અને એક વડીલની માફક આમારી દરેક બાબતોની કાળજી રાખનાર સંચાલક મંડળના તમામ સભ્યશ્રીઓનો પ્રેમ,વાત્સલ્ય અને લાગણી અમને આજીવન વિસરાશે નહિ. એ ઉપરાંત અમારી સાથે સદાય હસતા મજાક – મશ્કરી કરતા મિત્રો તો જાણે એક જ પંખી અમે સૌ ફરી ક્યારે મળીશુ તેવા ઉદગાર સાથેના ભારે હૈયે પોતાની લાગણી વ્યક્ત કરી હતી.”

ગુરુજનોનાં આશીર્વાદ

ક્રમ	શિક્ષકનું નામ	વિષય
૧	આશિષભાઈ જોષી	અંગ્રેજી
૨	જયસુખભાઈ કાનાણી	વ્યાયામ
૩	કંદર્પભાઈ ભટ્ટ	સંગીત
૪	કમલેશભાઈ ચુડાસમા	એકાઉન્ટ

તેમજ દરેક શિક્ષકો એ પણ પોતાના આશીર્વાદ વિદાઈ લઇ રહેલા દરેક વિદ્યાર્થી ઓ ને પાઠવ્યા હતા.

વર્ષ ૨૦૧૯-૨૦ ના શ્રેષ્ઠ વિદ્યાર્થી પારિતોષિક

આ વર્ષે ધોરણ ૧૧મા અભ્યાસ કરતા સોમાણી શિવમ અનિલભાઈને અભ્યાસ ની સાથે સાથે વિશિષ્ટતા પુર્વક

નિયમિતતા જાળવવી
સ્વચ્છતા જાળવવી
ધાર્મિક કાર્ય ઉત્સાહપૂર્વક કરવા
સમૂહ ભાવના ધરાવવી

જેવા ગુણો ધરાવતો હોવાથી સંસ્થાના સ્થાનિક કમીટી મેમ્બર શ્રી કિશોરભાઈ મહેતા દ્વારા પ્રમાણપત્ર તેમજ ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યો હતો.

વર્ષ ૨૦૧૯-૨૦ ના શ્રેષ્ઠ વિદ્યાર્થી પારિતોષિક - ધાર્મિક

આપણી સંસ્થાના દેરાસર મા બિરાજમાન શ્રી શાંતિનાથ દાદા ના જિનાલય મા નિયમિત રીતે સેવા પૂજા ની સાથે ધાર્મિક વર્ગમાં પણ ગાથા,સૂત્રમાં આગળ એવા ધોરણ – ૬ મા અભ્યાસ કરતા શાહ જતીન ચેતનભાઈ ને પસંદ કરી સંસ્થાના સ્થાનીક કમીટી મેમ્બર શ્રી કનુભાઈ સંઘવી દ્વારા પ્રમાણપત્ર અને ઈનામ આપી પ્રોસ્તાહિત કરવામાં આવ્યો હતો.

સ્થાનિક કમીટી ની હાજરી

વિદાય તેમજ શુભેચ્છા કાર્યક્રમમા સ્થાનિક કમીટીના સભ્ય કનુભાઇ સંઘવી,પ્રદીપભાઈ દોશી અને કિશોરભાઈ મહેતા ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓને આશીર્વાદ તેમજ શુભેચ્છા પાઠવી હતી અને ભવિષ્યમાં સંસ્થાને ઉપયોગી બની માતૃ સંસ્થા નુ ઋણ ચુકવવાની અપીલ કરી હતી.વાલીમિત્રો તરીકે નીચેના વિદ્યાર્થીઓ ના માતા-પિતા પણ હાજર રહ્યા હતા.

હાલમા આપણે ત્યા અભ્યાસ કરતા દીપ ના પિતા શ્રી પરેશભાઈ અને સુધાંશુ ના પિતા શ્રી સુશીલભાઈ એ પણ હાજરી આપી હતી.

નવા એડમિશન પ્રકિયા ૨૦૨૦ - ૨૦૨૧

આગામી નવા વર્ષ માટે વિદ્યાર્થીની સંખ્યામાં વધારો થાય તે માટે નીલેશભાઈ ગાંધી અને તેની ઓફીસમાં આપણી સંસ્થામાં માટે કામ કરતા દીક્ષીતાબેન,સાવરકુંડલા ઓફીસથી જીતુભાઈ તથા આપણા મંત્રી શ્રી શૈલેશભાઈ, અશોકભાઈ, કલ્પિતભાઈ અને જિગીષા બેન વગેરે જીત સંસ્થા પાસેથી ધો. ૫ થી ૧૧માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની યાદી જીત સંસ્થા પાસેથી મેળવી ટેલીફોનિક સંપર્ક કરી સંસ્થા બાબતે અને સંસ્થાકીય વ્યવસ્થા અંગે જાણકારી આપી સંસ્થા વિષેના ફોટોગ્રાફ્સ,વિડીયો દર્શાવી સંસ્થા જોવા આમંત્રણ આપી તેમને સંસ્થા વિષે માહીતગાર કરવામા આવે છે. આ રીતે વધુ વિદ્યાર્થીઓ ને લાભ મળે એ માટે સતત પ્રયત્ન કરવામા આવે છે.

રાજેશભાઈ દ્વારા પાલીતાણા માં જાહેરાત

આ ઉપરાંત ભાવનગર સ્થિત કાર્યકર્તા શ્રી રાજેશભાઈ શાહ (મોબાઈલ નંબર : ૯૮૭૯૧૯૦૦૦૩) ને સંસ્થા પ્રત્યે લાગણી હોવાથી પાલીતાણામાં યોજાતી ફાગણ સુદ તેરસની છ ગાઉની યાત્રા માં આપણી સંસ્થાનાં 'ત્રિવેણી સંગમ ' ની પત્રિકા અને બેનર લગાવી સંસ્થાનો પરિચય આપી ઘણા જૈનભાઈ – બહેનોને સંસ્થા વિશે માહિતગાર કર્યા હતા.

આ માટે સંસ્થા તેમનો ખુબ આભાર માને છે.

જૈન લઘુમતી શિષ્યવૃત્તિ

આપણી સંસ્થામાં રહી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ગુજરાત સરકાર દ્વારા 'જૈન માઈનોરિટી સ્કોલરશીપ' યોજના હેઠળ મળતી શિષ્યવૃત્તિ અંગે કુલ ૩૭ વિદ્યાર્થીના ફોર્મ સંસ્થા દ્વારા ભરવામાં આવેલ હતા.

તેમાંથી ૮ જેટલા વિદ્યાર્થીઓની સ્કોલરશીપ આવી ગઈ છે.અને તે સંસ્થામાં નિયમ મુજબ સંસ્થાના બેન્ક ખાતામાં રકમ જમા થયેલ છે.

ઉત્સવની ઉજવણી

ગત તારીખ ૯મી અને ૧૦મી માર્ચના રોજ આપણી સંસ્થામા હોળી અને ધુળેટીના તહેવાર ની ઉજવણી કરી હતી.

વિદ્યાર્થીઓને ધુળેટીના દિવસે એકબીજા પર અબીલ – ગુલાલ જેવા રંગોથી રંગ છાંટીને સંગીત ની મજા માણી ખુબ જ આનંદ - ઉલ્લાસથી તહેવારની મજા માણી હતી.

સંસ્થાકીય મુલાકાત

તારીખ ૨૦મી માર્ચના રોજ સંસ્થાની મુલાકાતે કલકતા થી નિકેશભાઈ પ્રવિણચંદ્ર દોશી તેમના પરિવાર સાથે આવ્યા હતા.તેઓ સંસ્થાની વ્યવસ્થા અને વાતાવરણ જોઈ ખુબ ખુશ થયા હતા અને આપણા વિદ્યાર્થીઓ માટે ૫૦૦ ફૂલસ્કેપ નોટબુક તેમજ ૪૦ કંપાસબોક્સ મોકલાવવાની ઈચ્છા દર્શાવી હતી.તો આ માટે સંસ્થા તેમનો ખુબ ખુબ આભાર માને છે.

વાલીઓ ની સંસ્થાકીય મુલાકાત

- આ સિવાય માર્ચ મહિનામા નીચેના વિદ્યાર્થી ઓ ના માતા પિતા દ્વારા વિદ્યાર્થી ગૃહ ની મુલાકાત લેવા માં આવી હતી.

	વિધાર્થીનું નામ	વાલીનુંનામ	મોબાઈલ નંબર
૧	દસાડીયા ધવલ	ગીરીશભાઈ	૯૨૨૮૫ ૧૮૮૨૨
૨	શાહ દીપ	પરેશભાઈ	૯૯૨૫૧ ૫૪૯૮૨
૩	સંઘરજકા ધ્રુમીલ	ભાવનાબેન	૯૯૨૫૮ ૫૧૨૨૦
૪	ખેતાણી કાવ્ય	પૂર્વીબેન	૯૪૨૮૦ ૮૭૦૫૯
૫	શાહ જતીન	ચેતનભાઈ	૮૧૨૮૧ ૨૪૫૩૦

- દરેક વાલીઓ એ પોતાના બાળકની પ્રગતિ જોઈ ખુબ જ સંતોષ લાગણી વ્યક્ત કરેલ હતી.

જન્મદિનની શુભકામના

ગત માર્ચ માસ દરમ્યાન નીચે મુજબના વિદ્યાર્થીઓનો જન્મદિન આપણી સંસ્થાની ભોજનશાળામાં ચોકલેટ વિતરણ કરી ઉજવણી કરવામાં આવી હતી.

જન્મ તારીખ	વિદ્યાર્થીનું નામ
૦૫-૦૩-૨૦૦૩	શાહ દર્શન મહેન્દ્રભાઈ
૨૭-૦૩-૨૦૦૫	મહેતા પાર્થ મુકેશભાઈ

ઉપરોક્ત બંને વિદ્યાર્થીઓ ને જન્મદિનની ખુબ ખુબ શુભકામના.

શુભેચ્છકનો શુભેચ્છા સંદેશ

ગત ફેબ્રુઆરી માસના માસિક અહેવાલ નિહાળી સંસ્થાકીય પ્રવૃત્તિથી સંતુષ્ટ થઇ આપણા શુભચિંતક મિત્રોએ પાઠવેલ શુભકામનાથી અમો ખુબ જ ખુશ છીએ.

તમામ શુભચિંતક નરપતભાઈ,અતુલભાઈ શાહ, રીતેશભાઈ ભોજક ,નીરવભાઈ શાહ ,અતુલભાઈ દોશી, પરેશભાઈ શાહ અને મિલનભાઈ દોશી નો ખુબ ખુબ આભાર માને છે.

આ જ રીતે આપનો અભિપ્રાય આપતા રહેશો જેથી અમારો ઉત્સાહ વધતો રહે અને સંકોચ વિના કોઈ પણ બાબતે યોગ્ય સલાહ – સુચન કરવા વિનંતી.

માસિક પત્રિકા બાબતે અનુમોદના

- " તમારી આ ખુબ જ સરસ પ્રવૃત્તિ બદલ અભિનંદન.... અમો અમે આપની પ્રશંસા કરીએ છીએ."

નરપતભાઈ

પ્રિન્સીપાલ

એ.એલ.સંઘવી

(વલ્લભ વિદ્યા નગર)

સંપર્ક

સાવરકુંડલા કાર્યાલય

ઓફીસ : ૦૨૮૪૫ – ૨૨૨૦૮૯

જીતુભાઈ બારોટ : ૯૪૨૬૪ ૫૨૦૮૯

રમેશભાઈ જિકાદરા : ૯૪૨૭૨ ૬૮૧૦૩

મુંબઈ કાર્યાલય

ઓફીસ : ૦૨૨ – ૨૩૪૦૧૯૨૫

દિક્ષિતાબેન : ૯૩૭૨૯ ૪૦૮૭૮

સા.કુ સ્થાનિક કમીટી મેમ્બર

કનુભાઈ સંઘવી : ૯૫૧૦૫ ૧૫૮૩૪

પ્રદીપભાઈ દોશી : ૯૪૨૬૪ ૫૫૬૫૧

કિશોરભાઈ મહેતા : ૯૪૨૮૬ ૧૯૧૮૫

આભાર